# સેક્ટર-૨૪ માં બીજે દિવસે પણ દબાણ શાખાનો સપાટો

**અનઅધિકૃત રીતે બેરોકટોક બાંધકામ કરીને ઊભા કરી દેવાયેલા વધુ ૨૨ દુકાન-મકાનના દબાણો પર તંત્રનુ જેસીબી ફરી વળ્યું: હજુ દબાણ હટાવ કામગીરી તેજ બનશે**





ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ શાખા દ્વારા સેક્ટર ૨૪ માં બેરોકટોક રીતે બાંધકામ કરી દેવાયેલા પાકા દબાણો હટાવવાની ઝુંબેશ બે દિવસથી કડક પણે શરુ કરવામાં આવી છે ત્યારે ગઈ કાલે સે ૨૪ની દુકાનો અને મકાનોના અન અધિકૃત દબાણો પર જેસીબીના પાવડા માર્યા બાદ આજે ફરી સતત બીજા દિવસે પણ આ દબાણ શાખાએ સપાટો બોલાવ્યો હતો. આજે સર્વિસ રોડ દબાઈને છેક રોડ સુધી દબાણ કરીને બનાવી દેવામાં આવેલા મકાનો, દુકાનો અને શોરૂમો ઉપર તંત્રનું જેસીબી ફરી વળ્યું હતું. આજે ૨૨ દુકાનો મકાનોના દબાણ હટાવી દેવાયા હતા. તંત્રનું કહેવું છે કે હજુ સેક્ટર ૨૪ માં આ દબાણ હટાવ ઝુંબેશ તેજ બનાવવામાં આવશે.

શહેરમાં તમામ સેક્ટરોમાં કાચા-પાકા દબાણો જોવા મળે છે પરંતુ સેક્ટર ૨૪ માં કદાચ સૌથી વધુ પાકા દબાણો ઉભા કરી દેવાયા છે તેમાં બેમત નથી. સેક્ટરના ફરતે બનાવવામાં આવેલા સર્વિસ રોડને પણ દબાણકારો દ્વારા ચાઉ કરી દેવામાં આવ્યા હતા. દબાણ ની જગ્યાઓ ઉપર દુકાનો -મકાનો અને શોરૂમો બનાવી દઈ બિન્દાસ્ત રીતે તેને વેચાણ અને ભાડે આપવાનું શરૂ કરી દેવાયું છે. દબાણ એ હદે વધી ગયા છે કે ત્યાંથી વાહન લઈને નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર ૨૪ માં વિશેષ દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. ગઈકાલથી ગ-૬ થી ખ-૬ રોડ ઉપર સેક્ટર ૨૪ માં પટેલ પાર્લર થી માંડીને પંડિતની દુકાન સુધીની દબાણની ડ્રાઈવ શરૂ કરી દેવામાં આવી છે. અગાઉ આ તમામ દબાણકર્તાઓને અગાઊ તંત્ર નોટિસ પણ આપી ચૂક્યુ છે. તેમ છતાં એકેયને પેટનું પાણી હલતું ન હતુ. ગઈકાલથી દબાણ ઝુંબેશ કોઈની શેહ-શરમ રાખ્યા વિના જોરશોરથી શરૂ કરવામાં આવી ત્યારથી તમામ દબાણ કરતા દોડતા થઇ ગયા હતા. ગઈકાલ દબાણ હટાવ ઝુંબેશ કડક પણે હાથ ધર્યા બાદ આજે ફરીથી સેક્ટર૨૪ માં આ ઝુંબેશ આગળ ધપાવવામાં આવી હતી. આજે ૨૨ જેટલા મકાનો દુકાનો ના દબાણો ઉપર તંત્રનું જેસીબી ફરી વળ્યું હતું. હજુ પણ આ ઝુંબેશ કડક પડે હાથ ધરવામાં આવશે તેવું તંત્રના અધિકારીઓનુ કહેવું છે.

## સે-૨૪માં દબાણકર્તાઓ રાતા પાણીએ રોયા : ધંધા-રોજગાર ઠપ્પ

બેફામ દબાણ કરીને ધંધા-રોજગાર શરૂ કરી બેઠેલા અને મોટું ઈન્વેસ્ટ કરી બેઠેલા વેપારીઓ (દબાણકર્તાઓ) ને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. એક તરફ ઈન્વેસ્ટમેન્ટ કરી મૂકેલું છે અને બીજી તરફ દબાણ આવવાથી ધંધા-રોજગાર ઠપ થઈ ગયા છે. દબાણકર્તાઓની માંગ છે કે થોડો સમય આપવામાં આવે તો બીજી તરફ સમય અને નોટિસો આપી -આપી ને થાકી ગયેલુ તંત્ર આ કામગીરીમાં કોઈ બાધા ન આવે તેવું ઈચ્છી રહી છે.

## ગાંધીનગર અર્બન કો-ઓપરેટિવ બેન્ક પણ દબાણમાં અડધી ઉડી જશે

સે ૨૪ માં આવેલી ગાંધીનગર અર્બન કો-ઓપરેટિવ બેન્ક પણ અડધોઅડધ દબાણમાં હોવાનું ધ્યાને આવ્યું છે. આજે દબાણ તંત્રે દબાણમાં આવેલો તે બેંક નો ઓટલો તોડી પાડ્યો છે અને બેંક અધિકારીઓને બે દિવસની મુદત આપવામાં આવી છે. દબાણ ના ભાગમાં આવેલા બેંકના એરીયામાંથી બે દિવસમાં સામાન ખાલી કરી દેવા નોટિસ આપી દેવામાં આવી છે.

## નવા બની રહેલા ત્રણ-ત્રણ માળના બે શોરૂમો નાની ખોલી જેટલા થઈ જશે..!

સેક્ટર ૨૪માં પટેલ પાર્લરની લાઈનમાં જ થોડે આગળ ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક નજીક બે મોટા કોમર્શિયલ બાંધકામો ઊભા થઈ રહ્યા છે. અંદાજે કરોડમાં દબાણની જગ્યા પર લીધેલી આ જગ્યા હવે માથે પડી હોય તેવું વેપારીઓને લાગી રહ્યું છે. બે મોટા શોરૂમો નું બાંધકામ હાલ ચાલી રહ્યું છે જેમાં ત્રણ માળ ઉપરાંત નીચે ભોયરું પણ છે. દુકાનો અને શો-રૂમ લાયક ઉભા થઈ રહેલા આ કોમર્શિયલ બંને કોમ્પલેક્ષો ને પણ દબાણ શાખાએ છોડ્યા નથી. તંત્ર દ્વારા આ બંને નવા બિલ્ડિંગના કોલમ ડેમેજ કરી નાખવામાં આવ્યા છે. બાકીનો દબાણ વાળો ભાગ જે બાંધકામ કરી દેવામાં આવ્યો છે તેને તોડી નાખવાની મુદત આપવામાં આવી છે અને તેઓએ જાતે આ દબાણ વાળો ભાગ તોડવાની કામગીરી શરૂ કરી દીધી છે.

# સ્વચ્છતા સર્વેક્ષણ એપ ડાઉનલોડ કરાવવાની કામગીરીમાં ડીડીઓ કોયાએ છ ગામ દત્તક લીધા

ગાંધીનગર, તા. ૨૮

સ્વચ્છતા સર્વેક્ષણ-(ગ્રામીણ)-૨૦૧૮ની એપ ડાઉનલોડ કરાવવાના લક્ષ્યાંકની સિદ્ધિને પહોંચવા આજે જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા જાતે મેદાનમાં ઉતર્યા છે.

૫૦ હજારથી વધુ ફોનમાં આ એપ ડાઉનલોડ કરાવી અને તેના પર સ્વચ્છતા અંગેના અભિપ્રાયો આપવા માટેના પડકારને તંત્રએ ઉપાડી લઈ અને છેલ્લા બે દિવસથી અધિકારીઓ ગામડાઓ ખૂંદી રહ્યા છે.

આજે જિલ્લા વિકાસ અધિકારી કોયા આ કાર્યક્રમની સમીક્ષા માટે ગાંધીનગર તાલુકા પંચાયતની કચેરીએ પહોંચ્યા હતા. સૌથી વધુ ગ્રામીણ વિસ્તાર ધરાવતા અને સૌથી વધુ વસ્તી ધરાવતા આ તાલુકામાં ચાલી રહેલી ધીમી કામગીરી જોઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે આ બાબતે તાલુકા પંચાયતના અધિકારીઓને કડક તાકીદ કરી આગામી ત્રણ દિવસ સુધી આ કાર્યને અગ્રતા આપવા કહ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારી કોયાએ પણ ત્યાંજ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ તેઓ પોતે છ ગામ દત્તક આ કામગીરી માટે લેશે તેવી વાત કરી છ ગામ ડે. ડીડીઓ(પંચાયત)ને લેશે તેમજ બાકીની કામગીરી તમે અને તંત્રના અધિકારીઓ પુરી કરશે તેવી જાહેરાત કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ વાંકાનેરડા, ગલુદણ, વડોદરા જેવા નદી પારના ગામોની પસંદગી કરી અને તેઓ જાતે જ આ મુદ્દે આગળ વધશે તેવી જાહેરાત પછી તંત્રના અધિકારીઓ પણ આ દિશામાં કામે લાગ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીને કલોલ તાલુકો, ખેતીવાડી શાખાને માણસા તાલુકો તેમજ ડે. ડીડીઓ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ગરબા મહોત્સવ માટે ફાળવવામાં આવતા મેદાનના ભાડાના દરમાં તોતિંગ વધારો

**આગામી મહીનામાં ડ્રોની પ્રક્રીયા હાથ ધરાશે : હવે પ્રતિદિન મુજબ પ્રતિ ચોમી રૂ ૧.૨૫ વધુ ભાડુ વસુલવામાં આવશે**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં નવરાત્રિ મહોત્સવ ૨૦૧૮ ના આયોજનને અનુલક્ષી સરકાર દ્વારા સરકારી ખુલ્લી જગ્યા ભાડે આપવા માટેના દરમાં ફેરફાર કરાયો છે. શહેરમાં સે-૬માં પેટ્રોલ પંપ સામેનુ મેદાન, સે-૧૧ માં શાલીન કોમ્પેલક્ષ પાસે તેમજ ચ-૩ કોર્નરનુ મેદાન પ્રતિવર્ષ સંસ્થાકીય ગરબા મહોત્સવ માટે ભાડા પેટે ફાળવવામાં આવે છે. જયારે આ વર્ષે આ સરકારી મેદાન ફાળવવા માટે ભાડના દરમાં પણ નોંધપાત્ર ફેરફાર કરાયો છે. આગામી મહીનામાં નવરાત મહોત્સવના આયોજન માટે મેદાનનો ડ્રો પણ કરવામાં આવશે. જયારે મેદાન ભાડે મેળવવા માટે ગરબા મહોત્સવના આયોજકોએ આગામી એક સપ્તાહમાં આ મામલે અરજી કરવાની રહેશે

ગાંધીનગરમાં નવરાત મહોત્સવી વિશેષ બોલબાલા છે. જયારે શહેરના સેકટરોમાં પણ શેરી ગરબાની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત શહેરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવનુ પણ ભવ્ય આયોજન કરવામાં આવે છે. સંસ્થાકીય ગરબા મહોત્સવના

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૯ માં છ કક્ષાના આવાસો અત્યંત જોખમી હાલતમાં સ્થાનિકોમાં ભય

**આ ભયજનક આવાસો તોડવા માટે ઝડપથી કામ હાથ ધરાય તેવી પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૨૮

શહેરના સે-૨૯ માં છ કક્ષાના મકાનો અત્યંત ભયજનક હાલતમાં હોવાથી સ્થાનિક રહીશોમાં ભય પ્રવર્તયો છે. આ સરકારી આવાસો ગમે ત્યારે જમીન દોસ્ત થાય તેમ માનતા સ્થાનિકો ચિંતા સેવી રહયા છે. જયારે તંત્ર દ્વારા સેકટરના અન્ય છ કક્ષાના મકાનો તોડી નાંખવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે.પરંતુ વધુ જોખમી મકાનોને નજરઅંદાજ કરવામાં આવી રહ્યા હોવાનો ગણગણાટ પણ સ્થાનિક રહીશોમાં આક્રોશ સહ પ્રવર્તયો છે. સેકટરના છ કક્ષાના બ્લોક નં ૧૦ સહીત આસપાસના બ્લોક પણ જોખમી હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે વિવિધ કક્ષાના સરકારી આવાસો અન્વયે અગાઉ નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ સર્વેના અંતે સેકટરોમાં સ્થિત અન્ય જુદી જુદી કક્ષાના સરકારી મકાનો પણ તોડવામાં આવ્યા હતા. જયારે હાલ પણ સેકટરોમાં આવાસો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. સે-૧૩, સે ૧૬ સહીત સે-૨૦ અને સે-૨૨ માં પણ ભયજનક આવાસો જમીનદોસ્ત કરવામાં આવી રહયા છે. જયારે સે-૨૯ માં પણ સરકારી આવાસો તોડવા માટે મંજુરી આપવામાં આવી છે. પરંતુ હજુ પણ બાકી રહેતા ભયજનક આવાસોમાં વસાહતીઓનો વસવાટ હોવાથી આ સ્થિતિ વધુ ભયજનક હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સે-૨૯ માં થોડા સમય અગાઉ નવા આવાસોનુ લોકાર્પણ પણ કરવામાં આવ્યુ હતુ. જયારે હજુ સે-૩૦ માં નવા આવાસોની યોજના ટુંકમાં તૈયાર કરી દેવાશે. જયારે સે-૨૯ માં છ કક્ષાના આવાસો ઝડપથી નિકાલ કરવામાં આવે તેવી પણ લાગણી પ્રબળ બની છે. સેકટરમાં સ્થિત છ કક્ષાના બ્લોક નં -૧૦ અને આસપાસના અન્ય બ્લોકમાં સતત પાણી ટપકી રહ્યુ છે. જયારે આવાસોમાં મોટી મસ તિરાડો પણ જોવા મળી રહી છે. ત્યારે આ આવાસોનો પણ ઝડપથી નિકાલ કરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની છે.

# કારોબારીને સત્તા સોંપવાના મુદ્દે કોંગ્રેસના સભ્યો જ બાખડ્યા..!

**ભાજપ પ્રમુખે મુત્સદ્દી વાપરી સામાન્ય સભા પૂર્ણ થયેલી જાહેર કરી : કારોબારી સમિતિ હજુ ત્રણ મહિના સુધી સત્તા વિહોણી જ રહેશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિને તેની સત્તાઓ સુપ્રત કરવા માટે અધ્યક્ષસ્થાનેથી રજુ થયેલા પ્રસ્તાવમાં કોંગ્રેસના જ બે સભ્યો વચ્ચે શાબ્દીક ટપાટપી થતાં મામલો નિર્ણય પર મુલ્તવી રાખી સભાની કામગીરીને સમાપ્ત કરવામાં આવી હોવાની જાહેરાત કરાઈ હતી. ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં સભ્યોને તેમના વિસ્તારમાં વિકાસના કામો કરવા માટે રૂ. ૧૦ લાખની સ્વભંડોળમાંથી ફાળવણી કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો. આ પછી વિકાસ કામોની મંજૂરી આપવાની સત્તા સામાન્ય સભા પાસે જ રાખવાનો પ્રસ્તાવ પણ સર્વાનુમતે પસાર થઈ ગયો હતો. ત્યાં એકાએક જ કોંગી સભ્યએ અધ્યક્ષસ્થાનેથી કારોબારીને તેની સત્તા સોંપવા અંગેનો પ્રસ્તાવ લેવા આગ્રહ કર્યો હતો અને પ્રમુખશ્રીએ પણ તે પ્રસ્તાવને ચર્ચા માટે રજુ કર્યો પણ આજ તબક્કે કોંગ્રેસના બે સભ્યો આમને સામને આવી ગયા હતા અને શાબ્દીક ટપાટપી થઈ જવા પામી હતી. ભાજપના પ્રમુખ શોભનાબેન પણ પરિસ્થિતિને પામી જઈ સભાની કામગીરી સંપન્ન થઈ ગયાની જાહેરાત કરતાં કારોબારીને સત્તા આપવાની વાત અટવાઈ જવા પામી હતી. ભાજપે જે રીતે તક ઝડપી અને આખોય માલો ટાળી દેવામાં દાખવેલી મુત્સદીને પગલે કોંગ્રેસમાં સન્નાટો વ્યાપેલો જોવા મળી રહ્યો છે. હવે હજુ ત્રણ મહિના સુધી કારોબારી સમિતિ સત્તા વિહોણી રહેશે.

# સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે ઉજવવાનો નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા. ૨૮

આગામી સપ્ટેમ્બર મહિનો સમગ્ર પોષણ માસ તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માસની ઉજવણીના ભાગરૂપે જિલ્લામાં ચાર સ્થાનો પર બાળકોની ચકાસણીના ખાસ કેમ્પોનું આયોજન કરવામાં આવનાર છે.

ભારત સરકારના નીતિ આયોગે કરેલા સૂચનને પગલે સમગ્ર દેશમાં સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે રાજય સરકારના મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા આ અંગે એક ખાસ વિડીયો કોન્ફરન્સ પણ યોજવામાં આવી હતી. જેમાં આરોગ્ય, શિક્ષણ, ગ્રામ વિકાસ એજન્સી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

પોષણ માસની ઉજવણી અંગે લોકોમાં જનજાગૃતિ આવે તે માટે આગામી સમયમાં યોજાનાર મેળાઓ તેમજ પર્વોના સ્થળે ખાસ હોર્ડિંગ્સ અને બેનરો મુકવાની સૂચના પણ આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ આરોગ્ય વિભાગ દ્વારા કુપોષણ અંગેના ૪થા રાઉન્ડની સ્કીનીંગની કામગીરી ચાલી જ રહી છે. જિલ્લાના ૧ લાખ ૫૯ હજાર જેટલા બાળકો ચકાસવાના છે જે પૈકી એક લાખ જેટલા બાળકોના સ્કીનીંગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

આ બાળકો પૈકી ચાર હજાર જેટલા કુપોષિત બાળકો મળી આવ્યા છે. જેમાં ૧.૯૯ જેટલા બાળકો અતિકુપોષિત જણાયા છે. જિલ્લામાં કુપોષમ મુક્તિ અભિયાન આગામી દિવસોમાં જન આંદોલન તરીકે ઉજવવામાં આવશે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ માટે વિવિધ વિભાગો સાથે મળી એક રોડમેપ તૈયાર કરવાની સૂચના આપી દેવાઈ છે અને આ સપ્તાહના અંત સુધીમાં તે પૂર્ણ થઈ જશે.


**SPORTS AUTHORITY OF INDIA**
NETAJI SUBHASH WESTERN CENTRE
SECTOR-15 GANDHINAGAR (GUJARAT) 382016
PH-079-23223182, 23225206 & 23225207 Fax-079-23222441
Email-dd.sai.nswc@gmail.com SAI Web-www.sportsauthorityofindia.nic.in

**TENDER NOTICE NO-4/2018-19**

The Dy.Director I/C, SPORTS AUTHORITY OF INDIA, Netaji Subash Western Centre, Sector-15 Sports Complex, Gandhinagar-382016 invites on line tenders for the following work

| Sl. No. | Name of work | Estimated cost (Rs) | Amount of Bid Security (Rs) | Bidding Document cost (Rs) | Eligibility |
|---|---|---|---|---|---|
| 1 | Annual maintenance works of SAI campus (civil & Electricals) from time to time on need basis for whole year | 25.00 Lacs | 1,25,000/- | 1000/- | CPWD/PWD/Railway/MES/other approved contractors in appropriate class |

The bid documents will be available & can be downloaded from www.eprocure.gov.incppp/ from date 29-8-2018 to 18-9-2018 by 18.00 hrs. Tender notice will also available at website www.sportauthorityofindia.nic.in. Bidder shall have to submit DD for tender fee / EMD of Nationalized/schedules bank in the name of Regional Director, SAI Gandhinagar payable at Gandhinagar. The physical documents along with price bid (Hard copies) should be submitted at this Office compulsory by 18-9-2018 up to 18.00 P.M.
The tenders may be opened on 19-9-2018 at 15.00 P.M. in the office of the In charge (Acctt). For Further details, please visit our website mentioned above.

DY.DIRECTOR I/C
SAI GANDHINAGAR



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN® · ashirvad · BENELAVE™ · DR. FIXIT® · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com